# પરિષદ-પ્રમુખનો પત્ર

## 'ગુજરાતી શાણી વાણી રાણીનો વકીલ છું.'

ગુજરાતી ભાષાના ભાવિ અસ્તિત્વ વિશે સુજ્ઞ જનોએ આશંકાયુક્ત ચિંતા વ્યક્ત કરી તે કાંઈ આટલા ટૂંકા સમયગાળામાં નામશેષ ન થઈ શકે. ભાષાઓ અને બોલીઓના ઉદ્ભવ, વિકાસ અને ક્યારેક વિલય એ લગભગ એક સતત ચાલતી પ્રક્રિયા છે. હજી થોડાક જ દિવસો પૂર્વે એક ભાષા અથવા બોલીના સંપૂર્ણ વિલયના સમાચાર જાણ્યા. આન્દામાનમાં બો જાતિ અને તેની ભાષા અથવા બોલીનું નામ પણ બો. બો બોલી બોલનાર અને સમજનાર એકમાત્ર વૃદ્ધ મહિલાનું થોડાક દિવસો પૂર્વે જ પંચ્યાશી વર્ષની વયે અવસાન થતાં બો બોલી નામશેષ થઈ ગઈ છે. ભાષા કે બોલી પરત્વે ભવિષ્યે બની શકનારી એક કરુણાંતિકાનો પણ મારે ઉલ્લેખ કરવો જોઈએ. પારસી જેવી ભલી, ઉદાર, પ્રેમાળ, દેશભક્ત કોમની આ વાત છે. પારસીઓ બહુધા ગુજરાતી છે અને તેઓ જે પારસીશાઈ ગુજરાતી બોલે છે તેને હું ગુજરાતી ભાષાની એક બોલી ગણવા પ્રેરાઉં છું. વારંવાર કહેવાઈ ચૂક્યું છે કે પારસીઓની વસતિ ક્રમશઃ ઘટતી જાય છે. અનેક પારસીઓ વિદેશોમાં વસે છે. એક મોટો હિસ્સો મુંબઈમાં રહે છે. સ્વાભાવિક રીતે જ આ બધા પારસીઓની રહેણીકરણી અને ભાષા પર અંગ્રેજિયત તથા અંગ્રેજીનો ઘણો પ્રભાવ છે. ભય રહે છે તે મુજબ જો પારસીઓની વસતિ ઘટતી જાય અને ગુજરાત તથા ગુજરાતી ભાષા સાથેનો પારસીઓનો સંપર્ક ક્ષીણ બનતો જાય તો કદાચ ભવિષ્યે ગુજરાતીની એક બોલી સમાન પારસી ગુજરાતી બોલીનો વિલય તોળાય અને ગુજરાતી માટે તે જેવીતેવી હાણ નહિ હોય. પણ કાળાં વાદળાંને રૂપેરી કિનાર હોય જ. આશાપ્રેરક બલકે શ્રદ્ધાવર્ધક હકીકત એ છે કે ગુજરાતીઓમાં માતૃભાષા અંગેની જાગૃતિ વધવાના અણસાર શરૂ થઈ ચૂક્યા છે. તા. ૨૧મી ફેબ્રુઆરીનો 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' ગુજરાતમાં ગયા વર્ષથી વિશેષ ઉત્સાહપૂર્વક ઊજવાય છે અને આ વર્ષે તો તેમાં ઉત્સાહની મોટી ભરતી ચઢી છે. લગભગ બધાં જ શહેરોમાં તે દિવસે ભાષા-યાત્રાઓ, પરિસંવાદો, વિદ્યાર્થી સ્તરે સ્પર્ધાઓ ઇત્યાદિનું આયોજન થયું છે અને એ રીતે એક વાયુમંડળનું નિર્માણ થયું છે.

'પરિષદ'ના પૂર્વ પ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈએ 'પરિષદ'ને ઉપક્રમે સાહિત્યયાત્રાઓ શરૂ કરાવી. 'પરિષદ'ના નવા કાર્યવાહકોએ તો સાહિત્યયાત્રાની એ પ્રવૃત્તિને ચાલુ રાખવાનો, વિસ્તારવાનો સંકલ્પ કર્યો જ છે, પણ તદુપરાંત શ્રી નારાયણભાઈ દેસાઈના એ વિચાર-આચાર-બીજના અન્યત્ર પણ તૃણાંકુરો ફૂટવા લાગ્યા છે જે સંતોષજનક અને શ્રદ્ધાવર્ધક સ્થિતિ છે. નિબંધકાર, વિચારક, શિક્ષક અને વક્તા ડૉ. ગુણવંત શાહની 'નરસિંહથી નર્મદ'ની 'માતૃભાષા વંદના યાત્રા'ને આનું તાજું ઉદાહરણ લેખી શકાય. તા. ૩૦મી જાન્યુઆરીએ જૂનાગઢથી આરંભાઈ તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરીએ સૂરતમાં સમાપ્ત થયેલી આ યાત્રા ગુજરાતનાં અઢાર શહેરોમાં ફરી અને કુલ ચાળીસ સભાઓનું તદંતર્ગત આયોજન થયું. સર્વત્ર સારો જનસમૂહ ઊમટ્યો. 'ગુજરાતી સાહિત્ય પરિષદે' આ યાત્રાને પૂરો સહકાર આપ્યો. યાત્રાની સાથે જ ગુજરાતી ભાષાનાં ચૂંટેલાં એકસો એક પુસ્તકોનું પ્રદર્શન ફરતું રહ્યું અને લોકોએ સારી સંખ્યામાં પુસ્તકો ખરીદ્યાં પણ ખરાં. 'ગુજરાતી પુસ્તકો બહુ વેચાતાં અને વંચાતાં નથી' તેવી આપણી લાંબા સમયની ફરિયાદ છે, પણ હવે સહુને સમજાવા માંડ્યું છે કે લોકો પુસ્તકો સુધી ન આવતા, ન આવી શકતા હોય તો હવે પુસ્તકોએ બધી છોછ છોડીને સામે ચાલીને લોકો સુધી પહોંચવું પડશે.

ઉપરોક્ત 'માતૃભાષા વંદના યાત્રા' દરમિયાન સ્વાભાવિક રીતે જ ગુજરાતી ભાષા વિશે મહિમ્નસ્તોત્રો ઉચ્ચારાયાં. આધુનિક માતાઓની મૂંઝવણને વાચા મળી : 'મારે મારા બાળકને ભવિષ્યે સફળતાના ઉચ્ચ શિખરે પહોંચતું જોવું છે, પણ તે શિક્ષણના અંગ્રેજી માધ્યમ વિના આજની દુનિયામાં શક્ય બનશે ખરું ?' આ વાસ્તવિક મૂંઝવણનું સમાધાન પણ બે'ક વક્તાઓએ સૂચવ્યું. માધ્યમ તો ગુજરાતી જ હોય અને તેની સમાનાન્તરે અંગ્રેજીના ઉત્તમ શિક્ષણની સુવિધા હોય; જ્યાં અંગ્રેજી માધ્યમ અનિવાર્ય લાગતું હોય ત્યાં પણ તેની પડછે ગુજરાતીના ઉત્તમ શિક્ષણની વ્યવસ્થા અનિવાર્યતઃ હોય જ.

પણ એક મુદ્દે સહુ સંમત થશે : ગુજરાતી ભાષાના અસ્તિત્વ અંગેની આશંકા માત્ર યાત્રાઓ અને જોશીલાં ભાષણોથી નિર્મૂળ નહિ થાય. વળી આવા ઉપક્રમોમાં માતૃભાષાનો પદાર્થ કેન્દ્રમાં રહેવો જોઈએ. ખુશીની વાત એ છે કે સાહિત્ય-યાત્રાઓ અને 'માતૃભાષા-દિવસ'ની ઉજવણીની સાથોસાથ આ ઉપક્રમોનાં અનુગામી પગલાંઓ પરત્વેનું સહચિંતન પણ શરૂ થઈ ચૂક્યું છે અને ગુજરાતી ભાષાની ગરિમાની પુનઃ સ્થાપનાનો પ્રજાકીય, સંસ્થાકીય અને શાસકીય એમ ત્રિવિધ સ્તરે પુરુષાર્થ પ્રારંભાયો છે. પુસ્તકાલય-પ્રવૃત્તિનું સુવ્યવસ્થિત વિસ્તરણ, પુસ્તકાલય-પ્રસારના વ્યાપક, દષ્ટિવંત પ્રયત્નો, ઉત્તમ પુસ્તકોની સહજ પ્રાપ્યતા, લોકજીવનને સીધો ટકોરો મારે તેવા સાહિત્યસર્જન ભણીનો સર્જકોનો ઝોક, સાહિત્યકારો, શિક્ષકો, અધ્યાપકો અને પત્રકારોની સાહિત્ય પ્રત્યેની ઈમાનદારી, સાહિત્યસંસ્થાઓનું પ્રવૃત્તિસાતત્ય અને તેઓની લક્ષ્ય પરત્વેની અસંદિગ્ધતા, અભિયાનમાં સહુ કોઈને, કશા ભેદભાવ વિના જોડવાની વિવેકબુદ્ધિ અને સમગ્ર પુરુષાર્થને શાસનતંત્રનું સ્વાર્થરહિત સમર્થન : આવાં અનેક વાનાંઓનાં સહઅસ્તિત્વ તથા સમાયોજન વડે જ ગુજરાતી ભાષાના પુનરુત્થાનનો ઉદ્દેશ સફળ થઈ શકે, અને 'વિવેક-બૃહસ્પતિ'નું બિરુદ ધરાવતી ગુજરાતી પ્રજામાં એટલી શ્રદ્ધા રાખવાપણું હજી ટકેલું છે, અન્યથા ચેકબુક, પાસબુક અને હિસાબી ચોપડાઓ ઉપરાંત નરસિંહ મહેતાથી માંડીને આજના નવીનતમ સર્જક પર્યન્ત ગુજરાતીની અક્ષરયાત્રા અખંડ ન રહી હોત. દલપતરામે સગૌરવ લખ્યું હતું :

**'ગુજરાતી શાણી વાણી**
**રાણીનો વકીલ છું.'**

ગુજરાતી પ્રજા અને વાણી બંને શાણી છે. તેને આજે આવશ્યકતા છે દલપતરામ જેવા અસંખ્ય વકીલોની. ચાલો, આપણે ગુજરાતી શાણી વાણી રાણીના કદાચ વકીલ ન થઈ શકીએ, પણ તેના ગુમાસ્તા તો થઈએ.

૧૧-૨-૨૦૧૦

**ભગવતીકુમાર શર્મા**